## વડીલોને વંદન
## અભિનંદન



જયોત્સનાબેન સી. વ્યાસ
(૧૯૫૦)ફોનઃ ૨૩૨૨૫૪૪૩



મિનાક્ષીબેન બી. શેઠ
(૧૯૫૪)ફોનઃ ૨૩૨૧૧૫૨૨

# રમતગમતને ઉચ્ચ પ્રાથમિકતા આપવાની જરૂર : નરેન્દ્ર મોદી

### ખેલાડીઓને સમાજમાં પ્રતિષ્ઠા તેમજ ગૌરવનો દરજ્જો મળે તેવું વાતાવરણ ઉભુ કરવાનો અનુરોધ : ગુજરાતના ખેલાડી રાષ્ટ્રીય સ્તરે નવા વિક્રમો સર્જશે



સૂરત, તા.૧૮

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સૂરતમાં ખેલ મહાકુંભની ૨૧ રમતોમાં ભાગ લેવાની તમન્ના દાખવી છે. આજથી શરૂ થયેલો આ વિરાટ રમતોત્સવ



મહાકુંભ ૨૦૧૨-૧૩નો શાનદાર શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે મોદીએ સમાજમાં રમતગમતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો અને કહ્યુ હતુ કે મહાકુંભથી ગુજરાતને રમતગમત ક્ષેત્રે આગવી પ્રતિષ્ઠા મળી છે. સમાજમાં ખેલાડીઓને ગૌરવ-પ્રતિષ્ઠા મળે તેવું વાતાવરણ ઉભુ કરવા તેમણે લોકોને અપીલ કરી હતી. ૨૫ લાખ લોકોના આ વિરાટ રમતોત્સવને લઈને પહેલાથી જ ઉત્સુકતા છે. રમશે ગુજરાત જીતશે ગુજરાતના સંકલ્પનો સાક્ષાત્કાર જોવા મળે છે. મોદીએ કહ્યુ હતુ કે ગુજરાતના સ્વર્ણિમ જયંતી અવસરે શરૂ થયેલું રમત-ગમતનું આ અનોખું અભિયાન આજે વિરાટ રમતોત્સવમાં વિકસ્યું છે. રમશે ગુજરાત જીતશે ગુજરાતનો સંકલ્પ અને ખેલકૂદ ક્ષેત્રે પણ ગુજરાતની આન-બાન-શાનનું ગૌરવ થાય એવો ખેલ મહાકુંભ આજથી રાજ્યભરમાં શરૂ થયો છે. એક લાખ જેટલા શારીરિક અશક્ત પણ ખેલકૂદની આંતરિક ઊર્જાથી થનગનતા વિકલાંગ સહિત ૨૫ લાખ લોકોએ ખેલ-તા.૧૧મી ફેબ્રુઆરી સુધી રમતના મેદાનમાં ગુજરાતની ખેલ દિલીની ભાવનાની અનુભૂતિ કરાવશે.

મુખ્યમંત્રીએ પ્રતિષ્ઠિત રમતવીરો દ્વારા પ્રજવલિત મશાલ જ્યોતનું સ્વાગત કર્યું હતું અને જિલ્લાવાર ખેલાડીઓની માર્ચ-પાસ્ટનું અભિવાદન કર્યું હતું. શિયાળાની ખુશનુમા સવારે સુરતની વીર નર્મદ યુનિવર્સિટીના વિશાળ પટાંગણમાં ખેલમહાકુંભના થીમ-સોંગ સાથે ગુજરાતની રમતવીરોની સામૂહિક શક્તિનો સાક્ષાત્કાર થયો હતો. નાગરિકોની વિશાળ ઉપસ્થિતિ અને ઉમંગ-ઉત્સાહથી છલકતી યુવા પેઢીએ ખેલમહાકુંભને રંગારંગ મહોત્સવમાં બદલી નાંખ્યો હતો. ખેલકૂદ પ્રવૃત્તિઓને ઉદાસિનતા, ઉપેક્ષામાંથી બહાર લાવવાના ત્રણ જ વર્ષના ટૂંકાગાળાના પ્રોત્સાહક પ્રયાસો અને ખેલમહાકુંભના ત્રણ અભિયાનોથી ગુજરાતે આગવી પ્રતિષ્ઠા હાંસલ કરી છે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. ખેલકૂદ સમાજની સહજ પ્રવૃત્તિ હોય, યુવા પેઢીની શારીરિક માનસિકતાનો જોમજૂસ્સો હોય અને રાજ્યનું ગૌરવ ઘરેણું હોય એવું વાતાવરણ ખેલકૂદ ક્ષેત્રે ગુજરાતમાં ભૂતકાળમાં થયું નહોતું.

ખેલમહાકુંભ દ્વારા અગાઉના વર્ષોમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલી રમત-પ્રવૃત્તિઓને સરકારની મુખ્ય પ્રવૃત્તિઓના પ્રવાહમાં ભૂતકાળના ખેલોના રેકોર્ડ નવા સ્થાપવાનો ઉત્સાહ જાગ્યો છે એ દિવસ દૂર નહીં



હોય જ્યારે ગુજરાતના રમતવીરો દેશના રમતોના વિક્રમો પણ સર્જશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. યુવાપેઢી-નવી પેઢીમાં અભ્યાસ અને શિક્ષણમાં તેજસ્વી વિદ્યાર્થીઓને જેવો માન-મરતબો સમાજમાં મળે છે એવો જ માન-મોભો યશસ્વી ખેલાડીઓને મળવો જોઈએ.

આ દિશામાં ગુજરાત સરકારે ખેલાડીઓને ગૌરવ મળે એવું વાતાવરણ ઊભું કર્યું છે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. ગુજરાત સરકારે ગયા વર્ષે સ્વામિ વિવેકાનંદની ૧૫૦મી જયંતીનું વર્ષ યુવાશક્તિ વર્ષ તરીકે ગુજરાતે ઉજવ્યું. આ વર્ષ ભારત સરકારે ૧૫૦મી વિવેકાનંદ જયંતી ઉજવવાનું નક્કી કર્યું છે તેમાં ગુજરાત સહભાગી બનશે અને ગામે ગામ વિવેકાનંદ યુવા કેન્દ્રો યુવાશક્તિના ઊર્જા-ચેતના કેન્દ્રો બનશે તેવી મુખ્યમંત્રીએ નેમ વ્યક્ત કરી હતી. સમગ્રતયા તંદુરસ્ત અને ખેલદિલીના વાતાવરણમાં કોઈને હરાવવા કે પરાસ્ત કરવા નહીં, પરંતુ સમગ્ર ગુજરાત રમતના મેદાનમાં જીતવાની ભાવના સાથે ખેલમહાકુંભ ઉજવે એવું વાતાવરણ સર્જવા તેમણે અનુરોધ કર્યો હતો.

# ઇશરત કેસમાં ઇન્ટરપોલની સહાયતા લેવાની તૈયારી શરૂ

### ઈશરત કેસમાં હાલમાં ગુજરાત, મહારાષ્ટ્ર, કેરળ, જમ્મુ કાશ્મીરમાં તપાસ જારી : જુદા જુદા દાવાની ખાતરી કરાશે

અમદાવાદ,તા. ૧૮

વર્ષ ૨૦૦૪ના ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં હજુ પણ કેટલીક એવી કડી છે જે અંગે વધુ માહિતી મળી શકી નથી. આ જ કારણસર સીબીઆઈએ સમગ્ર દેશને હચમચાવી મૂકનાર ઈશરત જહાં કેસમાં હવે ઈન્ટરપોલની મદદ લેવાની તૈયારી કરી લીધી છે. મળેલી માહિતી મુજબ ઈશરત એન્કાઉન્ટર કેસમાં પાકિસ્તાની ભૂમિકામાં તપાસ કરવા ઈન્ટરપોલની મદદ લેવાની યોજના તૈયાર કરી લેવામાં આવી છે. ઈશરત બનાવટી એન્કાઉન્ટર કેસને લઈને ઘણા અધિકારીઓ પહેલાંથી જ જેલભેગા થઈ ચૂક્યા છે. ઈશરતની સાથે અન્યને પણ ઠાર મારવામાં આવ્યા હતા જેમાં અમજદઅલી રાણા અને જિસાન જોહરનો સમાવેશ થાય છે. ભારતમાં આતંક મચાવવાના ઈરાદાથી તેઓ ઘૂસ્યા હતા તેવા અહેવાલ બાદ આ સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. નામ જાહેર નહીં કરવાની શરતે સીબીઆઈના સૂત્રોએ કહ્યું છે કે ચાર જુદા જુદા રાજ્યોમાં હજુ પણ તપાસ ચાલી રહી છે જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, કેરળ અને જમ્મુ કાશ્મીરનો સમાવેશ થાય છે.

એન્કાઉન્ટરના બનાવ બાદ ગુરાત પોલીસ દ્વારા કરવામાં આવેલા દાવા અને કેન્દ્રીય તપાસ સંસ્થાઓ મુજબ બે આતંકવાદીઓ રાણા અને જોહર પાકિસ્તાની હતા. તેમના સરનામા પણ દસ્તાવેજની સાથે મળી આવ્યા હતા. જ્યુડીશીયલ ઓફિસર એસ પી તમાગે તેમની પ્રાથમિક તપાસમાં આ થિયરી અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે આમા વધુ તપાસની જરૂર છે. એક વર્ષ લાંબી તપાસ બાદ સીબીઆઈએ ઈન્ટરપોલની મદદ માગી છે જેથી શંકામાં તપાસ કરી શકાય. સાથે સાથે ગુજરાત પોલીસના દાવાની પણ ચકાસણી થઈ શકે. આ ચકચારી કેસમાં શહેર ક્રાઈમ બ્રાન્ચે ૨૦૦૪માં જે દસ્તાવેજો જારી કર્યા હતા તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠને ઈશરતની પ્રશંસા કરી હતી અને તેના ફિદાઈન પૈકીના એક તરીકે ઓળખાવી હતી.

ગુજરાત પોલીસની પણ આમા ટીકા કરવામાં આવી હતી. કેન્દ્ર દ્વારા પણ આ મામલામાં ટિપ્પણી કરવામાં આવી હતી. ૨૦૦૯માં હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી એફીડેવીટમાં જણાવવામાં આવ્યું હતું કે આ કેસમાં સીબીઆઈ તપાસની કોઈ જરૂર નથી. કેન્દ્ર સરકારે પણ કહ્યું હતું કે રાણા અને જોહર પાકિસ્તાની નાગરિકો હતા. ઈશરત અને પૂણે સ્થિત ત્રણે પિલ્લઈ ઉર્ફે જાવેદ શેખ શંકાસ્પદ પ્રવૃત્તિ માટે ચકાસણી હેઠળ હતા. જો કે મોડેથી કેન્દ્રીય ગૃહમંત્રાલયે વલણ બદલ્યું હતું.

## નાગરિકો પોતાના ઘરમાં પણ હજુય સલામત નથી : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧૮

સત્તાવાળાઓની બેદરકારીને કારણે ગઈકાલે શાહવાડી વિસ્તારમાં ઝેરી ગેસને કારણે ત્રણ વ્યક્તિનું મૃત્યુ થતાં હવે ભાજપના રાજ્યમાં શહેરના નાગરિકો પોતાના ઘરમાં પણ સલામત નથી એનો આક્ષેપ કોંગ્રેસ પક્ષે કર્યો છે.

વિરોધપક્ષના નેતા બદરુદીન શેખે જણાવ્યુંછે કે નારોલના શાહવાડી વિસ્તારમાં ગઈકાલે વહેલી સવારે ઘરમાં શિયાળાની મીઠી નિંદર માણતાં પરિવારના માતા અને બે પુત્રો સહિત કુલ ત્રમ જણ ઝેરી ગેસને કારણે શ્વાસ ગુંગળાઈ જતાં ઉંઘમાં મૃત્યુ પામ્યા છે. સાથે સાતે કુતરા જવા પ્રાણી તતા નાના જીવજંતુ પણ મોતને શરણ થયા છે ત્યારે શહેરનો નાગરિક પોતાના ઘરમાં પણ સલામત નથી. જે ખૂબ જ ગંભીર અને ખતરનાક બાબત છે હજુ આજે પણ ત્યાં ભયનું વાતાવરણ પ્રસરેલું છે. જેથી ત્યાં આજુબાજુમાં રહેતા સ્થાનિક લોકો હાલની શિયાળાની હાડ ધ્રુજાવતી કડકડતી ઠંડીમાં પણ બહાર ખુલ્લામાં સુઈ જાય છે.

ઉપરોક્ત દુઃખદ ઘટનાને ગંભીરતાથી લેતા શહેરમાં તેમાં ખાસ કરીને શહેરનો પૂર્વ વિસ્તાર કે જ્યાં મોટા પ્રમાણમાં વિવિધ ફેક્ટરીઓ આવેલી છે. તે ફેક્ટરીમાંથી છોડાતા વિવિધ કેમિકલ તથા ગેસને કારણે ત્યાં રહેતા મોટાભાગના લોકોનુંસ્વાસ્થ્ય ચિંતાજનક હદે કથળી જવા પામ્યુ છે આ બાબતે અગુ પણ રજુઆત કરેલી તેમ છતાં કુંભકર્ણની નિદ્રામાં પોઢી ગયેલા સત્તાધીશો તથા વહીવટીતંત્ર આ બાબતને ગંભીરતાથી નહી લેતા દુઃખદ ઘટના બની છે.

## નેતાની દોડમાં.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માનવામાં આવે છે. પરંતુ આ તમામમાં મોહનસિંહ રાઠવાનું નામ અત્યારે સૌથી આગળ ચાલી રહ્યુ છે. ૧૩મી વિધાનસભામાં કોંગ્રેસના જે ૫૯ ધારાસભ્યો ચૂંટાયા છે તેમાં પૂર્વમુખ્યમંત્રી સૌથી સિનિયર છે. તેઓ સંસદીય બાબતોના જાણકાર માનવામાં આવે છે. તેથી જો વાઘેલાને વિપક્ષના નેતા બનાવાય તો તેમને વિધાનસભામાં પૂર્ણ સમય ફાલવવો પડે. સભાગૃહમાં દિવસ દરમિયાન બેસવુ પડે અને અવારનવાર સરકાર સામે મોરચો પણ માંડવો પડે. જે માટે શંકરસિંહ વાઘેલા તૈયાર નથી. વાઘેલા અન્ય પ્રવૃત્તિઓમાં પણ સંકળ્યાલે હોવાથી અને લોકસભાની ચૂંટણીમાં સાબરકાંટાની સીટ પરથી લડવા માંગતા હોવાથી આ માટે તૈયાર પણ નથી જ્યારે બીજી બાજુ વિઠ્ઠલ રાદડિયાને કોંગ્રેસના કાર્યકરો વિપક્ષના પદ માટે કાચા માની રહ્યા છે. જ્યારે બીજી બાજુ તેમનામાં પુરતી સંસદીય બાબતોની જાણકારી હોવા અંગે પણ નિરીક્ષકોમાં સંદેહ છે. કોંગ્રેસના સિનિયર પૂર્વ મંત્રી મોહનસિંહ રાઠવાના નામ પર પસંદગી કરવામાં આવે તેવી પૂરી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

## કાર્યકારી અધ્યક્ષ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્પિકરપદ માટે નિમાબેન આચાર્ય પર પસંદગી ઢોળવામાં આવી છે. આજે રાજ્યપાલ કમલાજીએ ડૉ. નીમાબેન આચાર્યને કાર્યકારી અધ્યક્ષ તરીકે સોગંદ લેવડાવ્યા હતા.

વિધાનસભાના સચિવ ડી. એમ. પટેલે હાઈસ્કેન ન્યુઝ સર્વિસને ટેલિફોન પર આપેલી માહિતી મુજબ વિધાનસભાનું સત્ર ૨૩મી જાન્યુઆરીએ શરૂ થશે. અને જરૂર જણાશે તો તે લંબાવવામાં આવશે. તે પહેલાં ૨૨મીએ ચુંટાયેલા તમામ ધારાસભ્યોને સોગંદ લેવડાવવામાં આવશે. આ સોગંદ લીધા બાદ તમામ ધારાસભ્યને વિધિવત ધારાસભ્ય ગણાશે.

વિધાનસભામાં ૨૩મીથી શરૂ થનાર સત્ર ૩૧ માર્ચ સુધી ચાલે તેવી શક્યતા છે. અલબત્ત સત્તાવાર રીતે આ અંગે કોઈ જાહેરાત થઈ નથી. અત્યારે તો એટલું જ જાહેર થયું છે કે સત્ર ૨૩મીથી શરૂ થશે. વિધાનસભાનું બજેટ સત્ર ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થતું હોય છે. એટલે ફરીથી વિધાનસભાનું સત્ર બોલાવવું ન પડે તે માટે આ સત્ર ૨૩મીથી શરૂ કરી તેમાં થોડાક દિવસોની રજા રાખી પછી આ જ સત્ર બજેટ સત્ર તરીકે ચાલુ રહે તેવો સંભવ છે.

## રૂ. ૧નો વધારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રમાણ છે તે ધ્યાનમાં રાખી રીક્ષાના ભાડાનો દર નક્કી કરવા માટે એક ફોર્મ્યુલા તૈયાર કરીને તેનો વિગતવાર અહેવાલ વર્ષ-૨૦૧૧માં રાજ્યસરકારને સુપ્રત કરેલ હતો. રાજ્યસરકારે આ અહેવાલમાં સુચવેલ પદ્ધતિ પ્રમાણેનો ફોર્મ્યુલાનો સ્વીકાર કરાયો છે.

તેમણે ઉમેર્યુંહતું કે, આ સમીક્ષામાં કમીટીએ સુચવેલ ફોર્મ્યુલા પ્રમાણે રિક્ષા ચલાવવામાં થતા વિવિધ ખર્ચાઓ જેવા કે મેઈન્ટેનન્સ ખર્ચ, ટાયરટ્યુબના ખર્ચ અને ઈંધણના ખર્ચમાં થયેલ ફેરફારને ધ્યાનમાં લઈ ઓટોરીક્ષા ચલાવવામાં થતા ખર્ચનો રીવ્યુ કરવામાં આવ્યો હતો. જે અન્વયે રાજ્યમાં ઓટોરીક્ષાના નવા ભાડાના દર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે માટે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

## તાલુકો નિર્મળ બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તે બધાને પહોંચી વળીશુ. અમે અમારા આયોજન મુજબ આગળ વધી જ રહ્યા છીએ. શ્રી ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે માણસા તાલુકો સમગ્ર રાજ્યનો પ્રથમ તાલુકો બનશે જે સંપૂર્ણ નિર્મળ હોય. તેમણે જણાવ્યુ હતુ કે આ માટે જરૂરી ગ્રામજનોની જાગૃતિ માટે અમે સતત કાર્યરત છીએ.


ગ્રામસભા અભિયાન અંગે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે આ અભિયાન સંપન્ન થઈ ચુક્યુ છે. તેમણે જણાવ્યુ હતુ કે આ ગ્રામસભામાં મનરેગાના લેબર બજેટને બહાલી આપવામાં આવી છે. આ વેળાએ જિલ્લામાં ૩૦ થી પણ વધુ ગામોએ રાજીવ ગાંધી નિર્માણ ભવનો આકાર પામશે. આ ઉપરાંત વ્યક્તીગત શૌચાલયો બનાવવાના મુદ્દાને પણ અગ્રતા આપવામાં આવી છે.

## કરવેરો ભરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરેક કરદાતા,વેપારી, સંસ્થા, ધંધાદારીઓ, કંપનીઓ વગેરે પોતાનો કરની યોગ્ય ગણતરી કરીને કરવેરો સમયસર જમા કરીને સહકાર આપવા જણાવેલ છે. આયકર વિભાગ તરફથી વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, કરદાતાઓ દ્વારા ભરવામાં આવેલા નાણાં રાજયના વિકાસમાં જ ઉપયોગમાં લેવાશે. આપના નાણાંનો પૂર્ણ રીતે રાજય તથા દેશના વિકાસમાં જ ઉપયોગમાં લેવાય છે.

## શબ્દાવલી - ૪૯૫૫



### આડી ચાવી

૧. પેટ સાફ ન આવવું (૫)
૪. ચાલવાની ક્રિયા કરનાર અંગ (૨)
૬. સોમ-મંગળ-બુધ વગેરે... ના નામ છે (૨)
૭. વિનંતી (૩)
૯. કતલ કરનારો માણસ (૨)
૧૦. મોટર ગાડી (૨)
૧૧. શરણે આવેલું (૪)
૧૨. નાહવાની ઓરડી - જગ્યા (૩)
૧૪. પેટ્રોલ તથા... થી વાહન ચાલે (૩)
૧૬. ગુંડાગીરી કે જબરાઈ કરવી (૪)
૧૮. ખોયું, ઘોડિયું (૨)
૧૯. ઓળખાણ (૪)

### ઊભી ચાવી

૧. કમળનું બીજ (૬)
૨. જીવજંતુ (૩)
૩. મિત્ર, દોસ્ત (૨)
૪. પરોપકારી (૪)
૫. માથામા નાખવાની વેણી (૩)
૮. એક ખટુમડા ફળ (૪)
૧૧. દીવો, મીણબત્તી (૨)
૧૨. કંદોઇ, સુખડીયો (૪)
૧૩. પ્રીત, પ્રેમ (૪)
૧૫. બારી બહાર કાઢેલું ઝઝૂમતું બાંધકામ (૩)

### શબ્દાવલી ૪૯૫૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) છટકુ (૩) પરાકાષ્ઠા (૬) મમરી (૭) મતિ (૮) કચોળુ (૧૦) ક્રમ (૧૧) બાર (૧૨) જમા (૧૪) રિવાજ (૧૬) મૂશળ (૧૭) ડરપોક (૨૧) ખરલ (૨૩) શક (૨૪) સમ (૨૫) જાળ

**ઊભી ચાવી :-** (૧) છટકબારી (૨) કુમળુ (૩) પરિક્રમા (૪) કામ (૫) ક્ષાતિપ્ર (૯) ચોરવાડ (૧૩) કાશળ (૧૫) જરખ (૧૮) પોરસ (૧૯) કલમ (૨૦) એશ (૨૨) આળ

## ગરીમા પાર્ક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કંપનીએ 'ઉદિશા' એજન્સીનો સંપર્ક સાધ્યો છે. શિક્ષિત યુવાનોને તેમના અભ્યાસ અને પસંદગી મુજબ રોજગારી મળી શકે તે હેતુ માટે કાર્ય કરતી 'ઉદિશા' એજન્સી રાજ્ય સરકારનું કદમ છે.

ટીસીએસના અધિકારીઓએ તાજેતરમાં ઉચ્ચ શિક્ષણ વિભાગના અધિકારીઓ, વિવિધ કોલેજના આચાર્યો અને ઉદિશા એજન્સીના સભ્યો સાથે મુલાકાત કરી હતી અને રીક્રુટમેન્ટ પ્લાન અંગે ચર્ચા કરી હતી. સોફ્ટવેર ડેવલોપમેન્ટ અને સર્વિસ ક્ષેત્રે કાર્ય કરતી કંપની ટીસીએસે રાજ્ય સરકાર મારફતે ગાંધીનગર અને અમદાવાદની વિવિધ કોલેજોનો સંપર્ક સાધ્યો હતો. લીડરશીપ અને અંગ્રેજીમાં વાતચીત કરવાનું કૌશલ્ય ધરાવતા યુવાનોને ટીસીએસ ૮ થી ૧૫ હજાર જેટલો પગાર ચુકવવા તૈયાર છે. વળી આ યુવાનો તેમનો અભ્યાસ ચાલુ રાખી શકે તે હેતુથી તેમને તેમની અનુકૂળતા મુજબ શીફ્ટ ગોઠવવાની પણ સુગમતા કરી અપાશે.

ગુજરાતની ૧૦૩૨ જેટલી કોલેજો 'ઉદિશા' સાથે જોડાયેલી છે. 'ઉદિશા' મારફતે જે વિદ્યાર્થીઓને ગરીમા પાર્કમાં નોકરી કરવાની તક મળશે તેઓને સોફ્ટ સ્કીલ જેવી કે એટીકેટ, બોડી લેંગ્વેજ, કમ્યુનિકેશન સ્કીલ, ટીમ વર્ક, ગ્રુપ ડીસ્કશનની ટ્રેનિંગ અપાશે.

તેજસ્વી વિદ્યાર્થીઓનો ડેટાબેઝ તૈયાર કરી ઉદિશા તેને ટીસીએસમાં મોકલી આપશે. આગામી ફેબ્રુઆરી માસના અંતમાં વિદ્યાર્થીઓને ઓફર લેટર આપી દેવાશે. લગભગ ૧૦ હજાર જેટલા યુવાનોને એક સાથે ગરીમા પાર્કમાં રોજગારી અપાશે.

## સભામાં વાક્યુદ્ધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્પોરેશનની જવાબદારી છોડી અન્ય કામગીરી સંભાળવા કમિશનર દોડે તે યોગ્ય નથી.

કોંગ્રેસના શ્રી જીતુ રાયકા અને શૈલેન્દ્રસિંહ બિહોલાએ સે. ૨૪માં ઉભરાતી ગટરો કે ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી સફાઈના મુદ્દે કોઈ તંત્ર દ્વારા ધ્યાન નહિ અપાયુ હોવાનું જણાયુ હતું.

ભાજપના શ્રી કાર્તિક પટેલે જણાવ્યું હતું કે દિશા અને દશા બદલવાની બાંગો પોકારતા વિપક્ષી મિત્રોને જ નહિ પણ સમગ્ર વિશ્વને વિકાસની સાચી દિશા વાયબ્રન્ટના સફળ આયોજનથી મુખ્યમંત્રીશ્રીએ બજાવી છે અને તે પણ ગાંધીનગરમાં બેસીને આનાથી મોટુ ગૌરવ બીજુ શું હોઈ શકે. તેમણે જણાવ્યું કે કોંગ્રેસસત્તા મેળવવામાં મળેલી નિષ્ફળતાથી લાજવાને બદલે ગાજે છે...

આ સાંભળી કોંગ્રેસના હર્ષજીત પંડ્યા અને અન્ય સભ્યો વેલમાં આવતાં જણાતાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ સભ્યોનેતેમની બેઠકની મર્યાદા નહિ છોડવાની ચેતવણી આપી હતી. સભ્યોએ આજે વાયબ્રન્ટના મુદ્દે જે હોબાળો મચાવ્યો હતો તેમાંય ખાસ કરીને સફાઈને લઈ જે પ્રશ્નો ઉભા થયા છે તે જોતાં એવુ લાગે છે કે આગામી દિવસોમાં બન્ને પક્ષો વચ્ચે આક્રમકતા વધશે. ભાજપના શ્રી આશિષ દવે, સુરેશ મહેતા અને કાર્તિક પટેલે તો એક તબક્કે એવુ કહ્યુ હતુકે ૧।। વર્ષમાં તમે કશુ કરી શક્યા નથી હવે શેના આટલા ગરજો છો?

કોંગ્રેસના શ્રી જીતુ રાયકા, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી હસમુખ મકવાણા, શ્રી અશ્વિન વ્યાસ, શ્રી પ્રવિણ પટેલ અને શ્રી ચીમન વિંઝુડા અત્યંત આક્રમક જણાતા હતા. તો સામે પક્ષે શ્રી આશિષ દવે, શ્રી કાર્તિક પટેલ, શ્રી સુરેશ મહેતા અને શ્રી સંદીપ જ્યોતિકર પણ આક્રમક જણાયા હતા. એક તબક્કે સંદીપ જ્યોતિકરે જે આપણી સત્તામર્યાદામાં ના હોય તેવા મુદ્દાઓની ચર્ચાને કોઈ અવકાશ નથી તેવી દલીલ કરી હતી.

પરિસ્થિતિ વણસે તે પહેલાં જ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ સભા સમાપ્તની જાહેરાત કરી દીધી હતી. આજની બેઠકમાં ડે. મેયર શ્રી યુસુફ પરમાર, મનુભાઈ પટેલ અને શ્રી શંકરભાઈ ચૌધરી સામાજિક રોકાણોને લઈ ગેરહાજર રહ્યા હતા.


## નાણા વિભાગની ગાડીઓની જાહેર હરાજી

નાણા વિભાગ, બ્લોક નં.૪, નવા સચિવાલય, ગાંધીનગર હસ્તકની નીચે જણાવેલી બે ગાડીઓ તા. ૩૦-૧-૨૦૧૩ના રોજ ૩-૦૦ કલાકે હરાજીથી વેચવાની છે.

| ક્રમ | મોડેલ | ગાડી નંબર | મોડેલ વર્ષ | નક્કી થયેલ અપસેટ કિંમત (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | ટાટા સુમો | જીજે-૧૮-જી ૧૮૮૧ | ૨૦૦૫ | ૧,૨૫,૦૦૦ |
| ૨. | મારૂતિ ફ્રન્ટી | જીજે-૧૮-જી ૧૭૪૫ | ૨૦૦૫ | ૩૫,૦૦૦ |

- મારૂતિ ફ્રન્ટીમાં સી.એન.જી. કીટ ફીટ કરવામાં આવેલ છે.
- આ ગાડીઓની હરાજીમાં ભાગ લેવા માટે રૂ. ૨૫,૦૦૦ની ડિપોઝીટ નાણા વિભાગની રોકડ શાખામાં રોકડેથી તા. ૩૦-૧-૨૦૧૩ના રોજ બપોરે ૧-૦૦ વાગ્યા સુધીમાં ભરવાની રહેશે.
- ગાડીઓ નવા સચિવાલય, બ્લોક નં.૨ની સામેના પાર્કીંગમાં છે જે ચાલુ કામકાજના દિવસે જોઈ શકાશે.
- હરાજી અંગેની અન્ય શરતો નાણા વિભાગની વેબસાઈટ http://financedepartment.gujarat.gov.in પર જોઈ શકાશે.
- વધુ માહિતી માટે નાણા વિભાગની મહેકમ શાખ (ટ-શાખા)નો સંપર્ક કરવો.

સહી/-
(આર. એન. ઓઝા)
ઉપસચિવ, નાણા વિભાગ

માહિતી/૨૦૪૮/૧૨-૧૩



નર્મદાની નહેરો, સમૃદ્ધિની લહેરો

## નર્મદા યોજનાની બાકી સબ-માઈનોરના અમલીકરણ માટે જનભાગીદારી અંગે નિમંત્રણ

નર્મદા યોજનાના લાભિત પિયત વિસ્તારના તમામ ખેડૂત ખાતેદારોને આ જાહેર વિજ્ઞપ્તીથી સૂચિત કરવામાં આવે છે કે, નર્મદા નિગમ દ્વારા તા. ૩-૧૦-૨૦૧૨થી સબ માઈનોરના અમલીકરણમાં લાભાર્થી ખેડૂતોની અસરકારક ભાગીદારી સુનિશ્ચિત કરવા નવી નીતિ જાહેર કરવામાં આવેલ છે જેના અંતર્ગત આપના વિસ્તારમાં ઓપન ચેનલ ગ્રેવીટી સિસ્ટમ અથવા અન્ડરગ્રાઉન્ડ પાઈપ લાઈન સિસ્ટમ (યુ.જી.પી.એલ.) એ બંને વિકલ્પ પૈકી પસંદગી પિયત સહકારી મંડળની પરામર્શમાં કરવાની થાય છે. આ નવી નીતિની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

- નવી નીતિ અંતર્ગત - ઓપન ચેનલ ગ્રેવીટી સિસ્ટમ અને અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન સિસ્ટમ (યુ.જી.પી.એલ.) બંને વિકલ્પ ઉપલબ્ધ.
- યોગ્ય વિકલ્પ નક્કી કરવા માટે વિસ્તારની ભૌગોલિક સ્થિતિ તથા તાંત્રિક બાબતો ધ્યાનમાં લેવાશે. સંબંધિત પિયત સહકારી મંડળી સાથે પરામર્શ કરાશે.
- પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પેનલ નિગમ દ્વારા નિયુક્ત કરવામાં આવશે.
- સબ-માઈનોરના બાંધકામનો સંપૂર્ણ ખર્ચ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ભોગવશે અને પિયત સહકારી મંડળી દ્વારા બાંધકામની કામગીરી અર્થે વહીવટી ખર્ચ પેટે બાંધકામના કુલ ખર્ચના વધારાના ૫% રકમ ચુકવવામાં આવશે.
- સબ-માઈનોરના બાંધકામ માટેની યોજનાના અમલીકરણનો કુલ ખર્ચ રૂ. ૩૫૦૦/- કરોડ.
- યોજના અંતર્ગત ૩૮,૦૦૦ કિલોમીટર લાંબી સબ-માઈનોરનું બાંધકામ ઝડપભેર પૂર્ણ કરી વધુ ૧૩.૪ લાખ હેક્ટર પિયત વિસ્તારને સિંચાઈનો લાભ અપાશે.

આ નીતિ મુજબ આપના વિસ્તારમાં સબ માઈનોરના અમલીકરણની કાર્યવાહી ઝડપભેર હાથ ધરી શકાય તે હેતુથી પિયત સહકારી મંડળીઓને સૂચિત વિકલ્પ સાથેની દરખાસ્ત સંબંધિત વિસ્તારના નર્મદા નિગમના કાર્યપાલક ઈજનેરશ્રીને રજૂ કરવા આથી જણાવવામાં આવે છે. આવી દરખાસ્તની નકલ જનરલ મેનેજરશ્રી, (પી.આઈ.એમ.) સરદાર સરોવર નર્મદા નિગમ લી., બ્લોક નં. ૧૨/૩, નવા સચિવાલય, ગાંધીનગરને પણ મોકલવાની રહેશે. જે તે વિસ્તારમાં કાર્યરત માન્ય બિન-સરકારી સંગઠનો (એન.જી.ઓ.)ને પણ આ કામગીરીમાં સહભાગી થવા તેમજ તેમના સૂચનો / દરખાસ્ત ઉપર મુજબ મોકલી આપવા જણાવવામાં આવે છે.

**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**
(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)
બ્લોક નં. ૧૨, નવા સચિવાલય સંકુલ, ગાંધીનગર-૩૮૨૦૧૦

માહિતી/૨૦૫૬/૧૨-૧૩